# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-09-2024 Morning : 7.45 to 7.55
Day : Saturday National News

## આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

## સૌપ્રથમ મુખ્ય સમાચાર

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેલંગાણામાં ભારતીય કલા મહોત્સવનું ઉદ્ઘાટન કરશે

3) ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 692 અબજ, 29 કરોડ ડોલરની નવી સપાટીએ પહોંચ્યો

4) જમ્મૂ કાશ્મીર પોલીસે આતંકવાદીઓને મદદ કરનારા છની ધરપકડ કરી, મોટા પ્રમાણમાં વિસ્ફટકો મળી આવ્યા

5) મકાઉ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં મહિલા ડબલ્સની સેમિફાઇનલમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી તાઇવાઇની જોડી સામે ટકરાશે

6) દેશ આજે સૂર સામ્રાજ્ઞી લતા મંગેશ્કરને 95મી જન્મજયંતિ પ્રસંગે તેમને સ્મરણ કરી રહ્યો છે

.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 114મો એપિસોડ છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો  પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# PREZ TELANGANA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તેલંગાણાની એક દિવસીય મુલાકાતે છે. મુલાકાત દરમિયાન શ્રીમતી મૂર્મુ હૈદરાબાદમાં નાલસાર લો યુનિવર્સિટીના 21મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ સિકંદરાબાદમાં રાષ્ટ્રપતિ નિલયમ ખાતે

ભારતીય કલા મહોત્સવનું પણ ઉદ્ઘાટન કરશે. આઠ દિવસ ચાલનારા આ કલા મહોત્સવમાં પૂર્વોત્તર રાજ્યોની કલા, સંસ્કૃતિ, હસ્તકલા અને ભોજનની વિવિધતા પ્રદર્શિત કરાશે. આ ઉત્સવમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાના કારીગરો અને કલાકારો પૂર્વોત્તર પ્રદેશોની સંસ્કૃતિને જીવંત કરશે. આ આઠ રાજ્યોના કેન્દ્રીય મંત્રીઓ અને રાજ્યપાલો પણ કાર્યક્રમમાં ભાગ લેશે.

## FOREX RESERVES

ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 20 સપ્ટેમ્બરે પૂરા થતા સપ્તાહમાં 2 અબજ 83 કરોડ ડોલર વધીને 692 અબજ 29 કરોડ ડોલરની નવી ટોચે પહોંચી ગયું છે. આકાંડકીય માહિતી દર્શાવે છે કે વિદેશી વિનિમય અસ્કયામતો, જે વિદેશી વિનિમય અનામતનો મુખ્ય ભાગ છે, તે 2 અબજ 57 લાખ ડોલર વધીને 605 અબજ 68 કરોડ 60 લાખ ડોલર થઈ છે. ગયા અઠવાડિયે વિદેશી મુદ્રા ભંડાર 22 કરોડ 30 લાખ ડોલર વધીને 689 અબજ 45 કરોડ 80 લાખ ડોલર થયો હતો.

સપ્તાહ દરમિયાન, સોનાના ભંડારનું મૂલ્ય પણ 72 કરોડ 60 લાખ ડોલર વધીને 63 અબજ 61 કરોડ ડોલર થયું હતું. આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડારની સાથે દેશના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ 12 કરોડ 10 લાખ ડોલર વધીને 18 અબજ 54 કરોડ ડોલર થઈ ગયા છે.

## CAMPAIGNING-J&K AND HARYANA

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કા તથા હરિયાણામાં એક જ તબક્કાના મતદાન માટે રાજકીય પક્ષોએ જાહેર પ્રચાર વેગવાન બનાવ્યો છે.

જમ્મુ-કાશ્મીરમાં 40 વિધાનસભા બેઠકો માટે મતદાનના છેલ્લા તબક્કામાં પહેલી ઓક્ટોબરે મતદાન થશે. મતદારોને રીઝવવા વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો  રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુમાં રેલીને સંબોધિત કરશે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી પણ આજે કેન્દ્રશાસિત પ્રદેશમાં રેલીઓને સંબોધશે.

દરમિયાન ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ ગઈકાલે જમ્મુના કઠુઆમાં એક રેલીને સંબોધિત કરતી વખતે કેન્દ્રશાસિત પ્રદેશમાં શાંતિપૂર્ણ વિધાનસભા ચૂંટણી  યોજવાની પ્રશંસા કરી હતી. શ્રી નડ્ડાએ કહ્યું કે લોકોએ શાંતિ અને વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવતા બુલેટને બદલે બેલેટ પસંદ કર્યા છે. બાદમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે કાશ્મીરના યુવાનોએ આતંકવાદ અને હિંસાનો અસ્વીકાર કર્યો છે અને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.

બીજી તરફ હરિયાણાની 90 વિધાનસભા બેઠકો માટે પાંચમી ઓક્ટોબરે યોજાનાર મતદાન માટે ચૂંટણી પ્રચાર પણ વેગવાન બન્યો  છે.  ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે ગઈકાલે અંબાલા, કુરુક્ષેત્ર અને રેવાડીમાં

જાહેર સભાઓને સંબોધી હતી. તેમણે હરિયાણામાં ભાજપ સરકાર દ્વારા લેવામાં આવેલી પહેલોનો ઉલ્લેખ કર્યો. શ્રી શાહે અગાઉના કાર્યકાળમાં રાજ્યમાં કોંગ્રેસના શાસનની ટીકા કરતા કહ્યું હતું કે તેમની સરકાર કાપ, કમિશન અને ભ્રષ્ટાચારથી અંકિત  છે. તેમણે કોંગ્રેસ પર લઘુત્તમ ટેકાના ભાવના નામે ખેડૂતો સાથે રમત રમવાનો આરોપ લગાવ્યો.

કોંગ્રેસ નેતા કુમારી શૈલજાએ ગઈકાલે કાલાંવલી અને ડબવાલીમાં રેલીઓને સંબોધી હતી. તેમણે ભાજપ સરકાર પર ખેડૂતો, મજૂરો, વેપારીઓ અને બેરોજગાર યુવાનોને હેરાન કરવાનો આરોપ લગાવ્યો. તેમણે ભાજપ પર રાજકીય લાભ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. આમ આદમી પાર્ટી અને અન્ય પ્રાદેશિક પક્ષોના નેતાઓ પણ પોતપોતાના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરી રહ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# UK-INDIA UNSC

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ - UNSC ના કાયમી સભ્યપદ માટેના ભારતના દાવાને સમર્થન આપવા માટે UK ના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મર અમેરિકા અને ફ્રાન્સના નેતાઓ સાથે જોડાયા છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા UNGAના 79મા સત્રને સંબોધતા શ્રી સ્ટાર્મરે વૈશ્વિક બહુપક્ષીય વ્યવસ્થાને વધુ પ્રતિનિધિત્વપૂર્ણ અને જવાબદાર બનાવવા માટે સુધારાની હાકલ કરી. તેમણે ભારત ઉપરાંત આફ્રિકા, બ્રાઝિલ, જાપાન અને જર્મની માટે સુરક્ષા પરિષદમાં કાયમી બેઠકોની પણ હિમાયત કરી હતી.

ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગેએ પણ સુરક્ષા પરિષદના કાયમી સભ્ય તરીકે ભારતના સમાવેશને સમર્થન આપ્યું હતું. સામાન્ય સભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે ભારત તેના નોંધપાત્ર આર્થિક વિકાસ અને ગ્લોબલ સાઉથનું નેતૃત્વ કરતાં સુરક્ષા પરિષદમાં કાયમી સભ્ય માટે હક્કદાર છે. શ્રી તોબગેએ વિકાસમાં ભારતની ભાગીદારી બદલ આભાર વ્યક્ત કર્યો.

આ અઠવાડિયાની શરૂઆતમાં, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને પણ સુરક્ષા પરિષદમાં કાયમી સભ્ય માટે ભારતની દાવેદારીને ટેકો આપ્યો હતો. પરિષદમાં હાલમાં પાંચ કાયમી સભ્યો અને 10 હંગામી સભ્યો છે. હંગામી સભ્યો બે વર્ષ માટે ચૂંટાય છે.

**J&K-TERROR MODULE**

જમ્મુ અને કાશ્મીરના અવંતીપોરામાં પોલીસે આતંકવાદીના 6 સાથીઓની ધરપકડ કરી, તેમની પાસેથી IED, હથિયારો અને દારૂગોળો સહિત અન્ય ગુનાહિત સામગ્રીઓ જપ્ત કરી છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, અવંતિપોરા પોલીસે ચોક્કસ માહિતીના આધારે જૈશ-એ-મોહમ્મદ (JeM) સંગઠનનો એક પાકિસ્તાની કાશ્મીરી આતંકવાદી એવા યુવાનોની શોધમાં હતો કે જેઓ આતંકવાદી પ્રવૃતિમાં જોડાવા માટે પ્રેરિત કરી શકાય અને આવા યુવાનોને શોધી  તેમને હથિયારો પૂરા પાડવામાં આવતા હતા. આ યુવાનોને ઔપચારિક રીતે આતંકવાદી સંગઠનમાં જોડતા પહેલા આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે મોકલવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન આ મોડ્યુલનો ભાગ હતા તેવા યુવાનોની ઓળખ કરવામાં આવી હતી.

આ યુવાનોને આતંકવાદી પ્રવૃતિમાં જોડાવા માટે પિસ્તોલ, ગ્રેનેડ, આઈઈડી અને અન્ય વિસ્ફોટક સામગ્રી આપવામાં આવી હતી. તેમને લક્ષિત વ્યક્તિની હત્યા કરીને, સુરક્ષા દળો અથવા જાહેર સ્થળો અને બિન-સ્થાનિક મજૂરો પર ગ્રેનેડ ફેંકવા અને IED લગાવીને અને બ્લાસ્ટ કરીને કેટલીક આતંકવાદી પ્રવૃત્તિ કરવા સૂચના આપવામાં આવી હતી.

તપાસ દરમિયાનએ વાત પણ સામે આવી હતી કે આ યુવાનોની મદદથી IED લગાવવા માટે કેટલીક જગ્યાઓ પણ પસંદ કરાઇ હતી. દરમિયાન કેસની તપાસ ચાલુ છે અને વધુ ધરપકડ અને જપ્તી થવાની સંભાવના છે.

# BADMINTON

**મકાઉ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપની મહિલા ડબલ્સની સેમિફાઇનલમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતની જોડી આજે તાઇવાનની હસિહ પેઇ-શાન અને હંગ એન-ત્ઝુ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય અનુસાર સવારે દશ વાગીને પચાસ મિનિટે વાગ્યે શરૂ થશે.**

**ત્રીજી ક્રમાંકિત ભારતીય જોડીએ તાઈવાનની સુ યિન-હુઈ અને વુ લુઓ યુને 21-12, 21-17થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આએ અગાઉ સિંગાપોર ઓપન સુપર 750માં છેલ્લા ચારમાં પહોંચ્યા બાદ ભારતીય જોડીની આ બીજી સેમિફાઇનલ છે.**

## LATA MANGESKAR

દેશ આજે પ્રતિષ્ઠિત ગાયિકા લતા મંગેશકરને તેમની 95મી જન્મયંતી પ્રસંગે યાદ કરી રહયો છે. 28મી સપ્ટેમ્બર 1929ના રોજ જન્મેલા લતા મંગેશકરે 70 વર્ષથી વધુની નોંધપાત્ર કારકિર્દી અને બહુવિધ ભાષાઓમાં 25 હજારથી વધુ ગીતોનો ભંડાર હતો તેમની પાસે. ભારત રત્ન પુરસ્કાર મેળવનાર ગાયિકા લતા મંગેશકર તેમના વિશિષ્ટ અવાજ અને ગાયક શ્રેણી માટે જાણીતા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મિડીયા પર લતા મંગેશકર સાથેના સંસ્મરણો શેર કર્યા હતા.

## <u>હવે આજના અખબારોના મુખ્ય સમાચારો</u>

## <u>રજૂ કરે છે રીધ્ધી ઉંધાડ</u>

- આજનાં મુખ્ય દૈનિકો પર નજર કરીએ તો,

- ગુજરાત સમાચાર લખે છે – અમેરિકામાં હેલેન વાવાઝોડાનો કેર – છ રાજ્યોમાં ઇમરજન્સી, 30ના મોત
- ઉપરાંત મેટાને 2019ના પાસવર્ડ કેસમાં ઇયુનો 10.2 કરોડ ડોલરનો દંડ સમાચારોને પ્રથમ પાને સ્થાન મળ્યું છે.
- દિવ્યભાસ્કર અખબારમાં – સુરતના વેપારીઓના 500 કરોડ રૂપિયા બ્લૉક, બેન્ક ખાતા ચાલુ કરવા પોલીસ વસૂલી કૌભાંડ -
- સંદેશ અખબારમાં – કેરળમાંથી મંકીપૉક્સનો બીજો કેસ મળ્યો, દેશનો ત્રીજો કેસ
- તેમજ ગડકરીએ શિલાન્યાસ કરેલા પ્રોજેક્ટના વિરોધમાં ભાજપ સાંસદ કંગના રનૌત – સમાચારોને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- નવગુજરાત સમય લખે છે કે - નવરાત્રી સુધીમાં વાહનચાલકો માટે હેલમેટ ફરજિયાત નહીં તો લાઇસન્સ રદ્દ કરો, ગુજરાત હાઇકોર્ટ
- નવગુજરાત સમયે ઇઝરાયેલ દ્વારા લેબનોન પર કરાયેલા વિનાશક હુમલાના સમાચારોને પણ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં – કર્ણાટકના લોકાયુક્તએ મુખ્મયંત્રી સામે ભ્રષ્ટાચારના આરોપસર ફરિયાદ કર્યાના સમાચારને મથાળા તરીકે સ્થાન આપ્યું છે.